Seat No. : _______________

# MM-107

**July-2021**

**B.A., Sem.-I**

**EC-102 : Gujarati**

(ગદ્ય: 'આગન્તુક' – ધીરુબેન પટેલ)

**Time : 2 Hours]** **[Max. Marks : 50**

**વિભાગ – I**

નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈપણ ત્રણના જવાબ લખો : **14 × 3 = 42**

1. લઘુનવલ સ્વરૂપનો અર્થ સમજાવી, એના ઘટકતત્ત્વો વિશે વિગતે નોંધ લખો.

2. ધીરુબેન પટેલના જીવન વિશે જણાવી, તેમના સમગ્ર સાહિત્ય સર્જન વિશે વિગતે ચર્ચા કરો.

3. 'આગન્તુક' લઘુનવલની કૃતિ તરીકે સમગ્રલક્ષી સમીક્ષા કરો.

4. 'આગન્તુક' લઘુનવલને આધારે ધીરુબેન પટેલને કથાકાર તરીકે મૂલવો.

5. ટૂંકનોંધ લખો :
   (1) 'આગન્તુક'નું શહેરી વાતાવરણ
   (2) ઈશાનનું ચરિત્ર ચિત્રણ

6. મુદ્દાસર નોંધ લખો :
   (1) 'આગન્તુક'નો આરંભ અને અંત
   (2) 'આગન્તુક'માં ધીરુબેનની ગદ્યશૈલી

7. માંગ્યા પ્રમાણે જવાબ લખો.
   (a) ગમે તે ત્રણ કહેવતો સમજાવો.
      (1) પારકી આશ સદા નીરાશ.
      (2) મીઠા ઝાડના મૂળ કાઢવાં.
      (3) મન હોય તો માળવે જવાય.
      (4) ભેંસ આગળ ભાગવત
      (5) તપોધન જાણે મહાદેવના ગુણ
   (b) ગમે તે બે રૂઢિપ્રયોગોનો અર્થ આપી, વાક્યમાં પ્રયોગ કરો.
      (1) ભાંગરો વાટવો.
      (2) ખાંડાની ધાર પર ચાલવું.
      (3) પરસેવો પાડવો.
      (4) જળ મૂકવું

(c) શબ્દ-સમૂહો માટે **એક-એક** શબ્દ આપો.

(1) જેનો પતિ બહારગામ ગયો છે, તેવી સ્ત્રી

(2) દિશા જાણવાનું સાધન.

(3) શબ પર ઓઢાડવામાં આવતું કપડું.

(4) કમરથી ઉપરના ભાગનું ચિત્ર

8. માંગ્યા પ્રમાણે જવાબ લખો.

(a) 'જળ સંચય' બાબતે પોતાના અંગત મિત્રને મહત્ત્વ સમજાવતો પત્રનો નમૂનો તૈયાર કરો.

(b) સાંપ્રત સમયમાં બેરોજગારી દૂર કરવા બાબતે ગૃહમંત્રીના સચિવશ્રીને સંબોધીને કરવામાં આવતો પત્ર નમૂનો તૈયાર કરો.

## વિભાગ – II (ફરજીયાત)

9. સાચા વિકલ્પ સમજી-પસંદ કરીને જવાબ લખો : (કોઈપણ **આઠ**) **8**

(1) ઈતિહાસની વિષય-વસ્તુ પર લખાયેલી નવલકથા કઈ ?

(a) સાસુ વહુની લડાઈ (b) કરણઘેલો (c) કુરુક્ષેત્ર

(2) નીચેનું પૈકી કયું ઘટકતત્ત્વ કથા સાહિત્યના સ્વરૂપમાં અનિવાર્ય છે ?

(a) કથન રીતિ (b) તખ્તાલાયકી (c) સંવાદ

(3) ધીરુબેન પટેલના પિતાજીનો વ્યવસાય કયો હતો ?

(a) નોકરી (b) ખેતીવાડી (c) પત્રકાર

(4) ધીરુબેન પટેલનું મૂળ વતન-શહેરનું નામ જણાવો.

(a) ધર્મજ (b) આણંદ (c) વડોદરા

(5) 'આગન્તુક' લઘુનવલકથામાં કેટલા પ્રકરણો આવેલા છે ?

(a) આઠ (b) ચાર (c) છ

(6) લઘુનવલનો નાયક ઇશાન આરંભે ક્યાં જઇ રહ્યો હતો ?

(a) વડોદરા (b) મુંબઈ (c) અમદાવાદ

(7) રીમાના પતિનું નામ જણાવો.

(a) આશુતોષ (b) ઈશાન (c) અર્ણવ

(8) 'બા' ના અવસાન પછી ઈશાન ક્યાં આવી જાય છે ?

(a) મુંબઇ (b) આબુ (c) ઉત્તરકાશી આશ્રમ

(9) આશુતોષ સિવાય ઇશાનના બીજા ભાઈનું નામ શું હતું ?

(a) નિરંજનભાઈ (b) અર્ણવ (c) રજત

(10) "મમ્મી, એ કેટલા હેન્ડસમ છે, નહિં ?" – આ વાક્ય કોણ બોલે છે ?

(a) નેન્સી (b) કરણ (c) મિહિકા

(11) ઇશાનબાબાને મળવા માટે મિહિકા અને કરણને કોણ રોકી રહ્યું છે ?

(a) રીમા (b) શાલ્મવી (c) આશુતોષ

(12) રજતને સ્વિટઝર્લેન્ડ લઈ જવા માટે કોણ કહે છે ?

(a) ડૉક્ટર મહેશ (b) ડૉક્ટર મોહન (c) ડૉક્ટર માર્શલ

(13) "ઈશ્વરના નામનો સ્વીકાર ન કરે તેવો" – શબ્દસમૂહનો ખરો અર્થ.

(a) આસ્થાવાન (b) નાસ્તિક (c) આસ્તિક

(14) પત્રલખનારનું નામ – સરનામુ પત્રમાં કઈ બાજુ લખાય છે ?

(a) જમણી (b) ડાબી (c) મધ્યભાગે

(15) તનતોડ મહેનત કરવી : તેના અર્થ માટે બોલાતો સાચો રૂઢિપ્રયોગ જણાવો.

(a) પેટે પાટા બાંધવા (b) પરસેવો પાડવો (c) ખૂબ જ કામ કરવું

(16) 'કાંકરે કાંકરે પાળ બંધાય' – એ કહેવતની સમાનાર્થી કહેવત.

(a) એક કરતાં અનેક (b) ટીપે ટીપે સરોવર ભરાય (c) ઓછા સમયમાં સારું પરિણામ